કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, **વસો કેમ્પસ ખાતે** શ્રી સંતરામ નેત્ર ચિકિત્સાલય, નડીયાદના સહયોગથી **નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પનું આયોજન**

કૃષિ મહાવિદ્યાલય-વ-કૃષિ પોલિટેકનીક, આણંદ કૃષિ યુનિવર્સિટી, વસો ખાતે શ્રી સંતરામ નેત્ર ચિકિત્સાલય નડીયાદના સહયોગથી તારીખ ૨૦/૧૧/૨૦૨૧ને શનિવારના રોજ નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. શ્રી સંતરામ નેત્ર ચિકિત્સાલય નડીયાદથી આવેલ ડૉ. હિતેષભાઈ પટેલ અને તેમની ટીમ દ્વારા આંખની સારસંભાળ રાખવા માટે તેમજ અન્ય ઉપયોગી જાણકારી સાથે જરૂરી દવા – આંખમાં નાખવાનાં ટીપાં વગેરે આપવામાં આવેલ. આ કેમ્પમાં વસો કેમ્પસ સ્થિત કુલ ૨૨૦ વિદ્યાર્થીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ, ખેત શ્રમિકો તથા કેમ્પસ વસાહતીઓએ લાભ લીધો હતો. આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડો. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલ નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવા બદલ આ.કૃ.યુ., વસોના યુનિટ વડા અને આચાર્યશ્રી ડૉ. વી. પી. રામણીએ શ્રી સંતરામ નેત્ર ચિકિત્સાલય નડીયાદનો આભાર વ્યક્ત કર્યો હતો.

